**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૬/૭/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૪૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૩૧૦ લીટર દેશી દારૂ, ૬૭૧૦ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૪૦૦ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૯/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** ધર્મેશભાઇ મધુસુદન કોઠારી (રહે.ગોપાલપાર્ક રો હાઉસ, વસ્ત્રાપુર) એ તા.૧૫/૭/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૫/૧૫ થી તા.૬/૭/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી શ્રીસાંઇ બાલાજી ટ્રેડર્સ (એચ.ડી.એફ.સી.બેંક, મેઇન બ્રાન્ચ, સ્વીફ્ટ રોડ, શીરડી) એકાઉન્ટ નંબર ૫૦૨૦૦૦૧૨૬૫૯૭૨૨ નો ધારક અને તેના સાગરીતે ભેગામળી, ધર્મેશભાઇએ પૈસા જમા કરાવવા બેંકમાં મોકલેલ ઇ-મેઇલ હેક કરી, ધર્મેશભાઇનાં બેંક ખાતાની વિગતની જગ્યાએ શ્રીસાંઇ બાલાજી ટ્રેડર્સનાં ખાતાની વિગતો મુકી, ખોટી વિગતવાળો ઇ-મેઇલ દૈયા ઇંન્ટરનેશનલ પ્રા.લી.નાઓનાં આઇ.ડી.ઉપર મોકલી દેતાં, દૈયા ઇન્ટરનેશનલ પ્રા.લી.એ ઇ-મેઇલમાં જણાવેલ એચ.ડી.એફ.સી.બેંકનાં ખાતામાં કુલ ૧૭,૩૫૦ યુ.એસ.ડૉલર જેનુ ભારતીય મુલ્ય રૂપિયા ૧૧,૫૦,૦૦૦/- જમા કરાવતાં, હેકરો આ રૂપિયા મેળવી લઇ ધર્મેશભાઇ સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એસ.રઘુવંશી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૪૪૦/૧૫**

**કૃષ્ણનગર :** સ્વેતાબહેન યોગેશ્વરભાઇ પંચાલ (રહે.પલક સોસાયટી, જલ્પા સોસાયટીની બાજુમાં, નરોડા) તા.૧૪/૭/૧૫ બપોરનાં ૨/૪૫ વાગ્યાના સુમારે માનશી ટેનામેન્ટ આગળથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૩૫ વર્ષના આશરાનો) સ્વેતાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સ્વેતાબહેન પંચાલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪૧/૧૫</u>**

**બાપુનગર :** ગણપતભાઇ ખોડાભાઇ મકવાણા (રહે.સ્લમ ક્વૉટર્સ, વિરાભગતની ચાલી, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૭/૧૫ બપોરનાં ૩/૩૦ થી રાતનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૬૯,૮૮૫/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી બટુકસિંહ કાભાઇભાઇ ચલાવે છે.

**<u>છજા ઉપરથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪૨/૧૫</u>**

**ગાયકવાડ હવેલી :** શબ્બીરભાઇ ઇસ્માઇલભાઇ ટીનવાલા (ઉ.વ.૪૫)(રહે.વોરવાડ, સી.એસ.બીલ્ડીંગ પાસે, ગાયકવાડ હવેલી) તા.૧૫/૭/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની સાફ-સફાઇ કરતી વખતે છજા ઉપર ચઢવા જતાં, નીચે પડી જતાં, માથાનાં ભાગે અને કાન ઉપર ગંભીર ઇજાઓ થઇ હતી. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ શબ્બીરભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હિરાભાઇ ધનજીભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪૩/૧૫</u>**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ) :** મહેશ ખુશાલભાઈ પરમાર (ઉ.વ.૩૮)(રહે.સિવિલ હોસ્પિટલ પાસેના છાપરાંમાં, ઘોડાકેમ્પ પાસે, લક્ષ્મીનગર) એ ઘર કંકાસથી કંટાળી જઈ તા.૧૫/૭/૧૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ ગેટ નંબર-૧ ની પાછળ નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)